| **Date:** 4.1.2021 | **Publication:** Divya Bhaskar |
|---|---|
| **Page no.:** 7 \| 6 | **Edition:** Ahmedabad \| Mumbai |
| **Headline:** Understanding the property insurance contract | |

**વીમાની વાત** જટિલ શબ્દ પ્રયોગના કારણે પોલિસી સમજવી મુશ્કેલ પડે છે

# પ્રોપર્ટી વીમાના કોન્ટ્રાક્ટને સમજવા માટે પોલિસીના આ શબ્દોને જાણવા ખૂબ જરૂરી



**સીઆર મોહન,**
નેશનલ હેડ-પ્રોપર્ટી અંડર રાઈટિંગ,
બજાજ આલિયાન્સ જનરલ ઈન્સ્યોરન્સ

*પ્રોપર્ટી વીમા પોલિસી એક એવો કોન્ટ્રાક્ટ છે, જેમાં નાણાકીય અને કાનૂની બંને ભાષા હોય છે. વીમો ખરીદતી વખતે મોટાભાગના લોકો પોલિસી દસ્તાવેજો વાંચતા નથી. જે લોકો વાંચવાનો પ્રયત્ન કરે છે તેઓ મોટાભાગની વસ્તુઓ સમજી શકતા નથી. જો તમે પણ તેમાંથી એક છો, જે પોલિસીને સમજી શકતા નથી, તો આ લેખ તમારા માટે છે...*

**મૂલ્યાંકન** સંપત્તિ મૂલ્યાંકનની બે પદ્ધતિઓ છે, પ્રથમ બજાર કિંમત અને બીજુ રિસ્ટ્રક્ચરિંગ મૂલ્ય. બજાર મૂલ્યમાં, નુકસાનના કિસ્સામાં મૂલ્યાંકન મિલકતની વયના આધારે નક્કી કરવામાં આવે છે. જ્યારે રિસ્ટ્રક્ચરિંગ મૂલ્ય પદ્ધતિમાં, વીમા કંપની રિપ્લેસમેન્ટના ખર્ચની ચૂકવણી કરે છે. એકમાત્ર શરત એ છે કે, ક્લેમ મેળવવા માટે ક્ષતિગ્રસ્ત સંપત્તિની મરામત અથવા રિપ્લેસમેન્ટ કરવામાં આવે.

**સલાહ**| રિસ્ટ્રક્ચરિંગ મૂલ્યની દ્રષ્ટિએ, પ્રીમિયમ ઉંચા હોઈ શકે, પરંતુ વીમા રકમ પણ વધારે હોય છે.

**કવરેજ** વીમા પોલિસી જોખમોની સૂચિ આપે છે જેની પોલિસીમાં આવરી લેવાની હોય છે. આ જોખમો પૂર, ભૂકંપ, આગ, શોર્ટ સર્કિટ વગેરે હોઈ શકે છે. જો તે 'ઓલ રિસ્ક' પોલિસી છે, તો તેમાં તમને પોલિસી અંતર્ગત ઉલ્લેખિત બાકાત સિવાય તમામ બાબતોનું કવર મળશે.

**સલાહ**| વીમા પોલિસી તમને પૂરતું કવરેજ પૂરું પાડે છે કે કેમ તે તપાસો. જો નહીં, તો ખાતરી કરો.

**સામાન્ય શરતો** વીમાદાતા તમારા પર અમુક શરતો લાદતા હોય છે, જે તમારે વીમાના સમયગાળા દરમિયાન અનુસરવાની હોય છે. વીમાદાતા અને વીમાધારક વચ્ચે પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે આ સરળ શરતો હોય છે. ઉદાહરણ તરીકે, કોઈ પ્રોપર્ટી પોલિસીના કિસ્સામાં, જો તમે 30 દિવસથી વધુ સમય માટે વીમિત બિલ્ડિંગમાં નથી રહ્યા, તો વીમા કંપનીને જાણ કરવી પડશે.

**સલાહ**| તમે આ બધી શરતોને બરાબર રીતે જાણો. એવું ન થવું જોઈએ કે તમે નુકસાન માટે દાવો દાખલ કરો છો, ત્યારે તેને ફગાવી દેવામાં આવે.

**એક્સક્લુઝન્સ** જેમ વીમા પોલિસી તમામ બાબતોને આવરી લેવાની સૂચિ આપે છે, તેવી રીતે બાકાત રહેતી વસ્તુઓ અથવા જોખમોની સૂચિ પણ આપે છે જે તેના કાર્યક્ષેત્રની બહાર આવે છે. આ વસ્તુઓ પોલિસી અનુસાર બદલાય છે અને તેનો ઉલ્લેખ પોલિસીમાં થાય છે.

**સલાહ**| જાણો કે દરેક બાકાત વસ્તુઓની મર્યાદાઓ શું છે, જેથી ઈમરજન્સીમાં કોઈ અન્ય કવરેજમાં તેને આવરી લેવામાં આવે.